ક્રમાંક : જી/૭૨૫/ટ્રાફીક/ ૨૦ /૨૦૧૯
પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, શાહીબાગ
અમદાવાદ શહેર તા. ૨ / ૯ /૨૦૧૯

**કચેરી આદેશ :**

વિષય : ટ્રાફીક પોલીસ સ્ટેશનમાં અકસ્માતના ગુનાઓની નોંધણી તેમજ તપાસની કામગીરી શરુ કરવા બાબત

સંદર્ભ : (૧) સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૦૪/૦૬/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક : મહક/૧૦૨૦૧૩/૩૫૨૨(૧)/સ (પા.ફા.) તથા
(૨) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરના તા.૦૩/૦૮/૨૦૧૫ ના જાહેરનામાં ક્રમાંક : ક.૨/ટ્રાફીક પો.સ્ટે./૯૯૫/૨૦૧૫ તથા
(૩) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓની કચેરીના તા.૯/૫/ ૨૦૧૬ ના પત્ર ક્રમાંક : એ-૨/મહેકમ/ટ્રાફિક ફાળવણી/૪૩૧/૨૦૧૬ તથા
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરનાઓની કચેરીના તા.૧૫/૧૧/ ૨૦૧૬ ના પત્ર ક્રમાંક : જી/૭૨૫/ટ્રાફિક/૫૬૩૨/૨૦૧૬ તથા
(૫) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરના તા.૨૭/૦૨/૨૦૧૮ ના જાહેર નામાં ક્રમાંક : ક.૨/ટ્રાફીક પો.સ્ટે./૩૦૧/૨૦૧૮ તથા
(૬) સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૩૦/૫/૨૦૧૮ ના પત્ર ક્રમાંક : મહક/ ૧૦૨૦૧૩/૩૫૨૨/સ (પા.ફા.) અન્વયે

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સરકારશ્રીના સંદર્ભ (૧) માં દર્શાવેલ ઠરાવથી અમદાવાદ શહેરમાં એન્ફોર્સમેન્ટ તેમજ ટ્રાફીક નિયમનનાં કામકાજ માટે સુગ્રથિત માળખું તથા નવી જગ્યાની મંજુરી સાથે અમદાવાદ શહેર ટ્રાફીક માટે નવા ૧૪ ટ્રાફીક પોલીસ સ્ટેશન કાર્યરત કરવામાં આવેલ હતા. જે અનુસંધાને પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓની કચેરીના સંદર્ભ (૨) થી ટ્રાફિક પોલીસ સ્ટેશનનાં હદ વિસ્તારનું જાહેરનામું બહાર પ્રસિદ્ધ કરવામાં આવેલ હતું. બાદમાં પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓની કચેરીના સંદર્ભ (૩) વાળા પત્રથી ટ્રાફીક એન્ફોર્સમેન્ટ તેમજ ટ્રાફીક નિયમનનાં કામકાજ માટે સુગ્રથિત માળખું તથા નવી જગ્યાઓની મંજુરી અંગેનો પરિપત્ર બહાર પાડવામાં આવેલ. ત્યારબાદ ટ્રાફિક પ્રોલીસ સ્ટેશનમાંના અકસ્માતના ગુનાઓની તપાસ સંદર્ભ (૪) વાળા હુકમથી જે તે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં તબદીલ કરવા અંગે કચેરી આદેશ કરવામાં આવેલ.

૨/- એસ.જી. હાઇવે પરની ટ્રાફીક સમસ્યાને નિવારવા અગ્રીમતા આપી એસ.જી. હાઇવે તથા તેની બંન્ને બાજુના ૧૦૦ મીટર વિસ્તારને માટે ડેડીકેટેડ ૦૨ ટ્રાફિક પોલીસ સ્ટેશનનુ નિર્માણ કરવુ ખુબ જરૂરી બનતા એસ.જી. હાઇવે ૦૧ ટ્રાફીક પોલીસ સ્ટેશનનુ જયુરીસ્ડીકશન નિરમા યુનીવર્સીટી થી લઇ થલતેજ ચાર રસ્તા તથા એસ.જી. હાઇવે ૦૨ ટ્રાફીક પોલીસ સ્ટેશનનુ જયુરીસ્ડીકશન થલતેજ ચાર રસ્તાથી લઇ સનાથલ સર્કલ નજીકના અમદાવાદ પોલીસ કમિશ્નરેટ વિસ્તારની હદ સુધીના એસ.જી. હાઇવે તથા હાઇવેની બંન્ને તરફના ૧૦૦ મીટરના વિસ્તાર રાખી પુન:ગઠન કરેલ છે. આ જ સાથે કોટ વિસ્તારમાના C, D, અને E ટ્રાફીક પોલીસ સ્ટેશનને મર્જ કરી E ટ્રાફીક પોલીસ સ્ટેશનના નવા જયુરીસ્ડીકશન સંદર્ભ (૫) થી નિયત કરવામાં આવેલ છે. જેને સરકારશ્રીના ગૃહ વિભાગના સંદર્ભ (૬) વાળા ઠરાવથી કાર્યોત્તર મંજુરી આપવામાં આવેલ છે. આ પુન:ગઠન પામેલા ટ્રાફિક પોલીસ સ્ટેશનો માટે મંજુર મહેકમની પુન: વહેચણી નીચે દર્શાવ્યા મુજબ કરેલ છે.